## રજાપ્રવાસ રાહતની સવલત મોકૂફ રાખવામાં આવેલ તેની મુદતમાં એક વર્ષનો વધારો કરવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-102003-368-ચ,
સચિવાલય, ગાંધીનગર, તા. 18-8-2003

***વંચાણમાં લીધો :*** *નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-102001-368-ચ, તા. 1-5-2001.*

**ઠરાવ :**

આમુખમાં વંચાણમાં દર્શાવેલ નાણાં વિભાગના તા. 1-5-2001ના ઠરાવ અન્વયે રાજયના કર્મચારીઓને આપવામાં આવતી વતનપ્રવાસરાહત/રજાપ્રવાસ રાહત (ભારતના કોઈપણ સ્થળની મુલાકાત છ હજાર કિ.મિ.ની મર્યાદામાં) બ્લૉકવર્ષ 2000-2003 તેમાં દર્શાવેલ શરતોને આધીન બે વર્ષ માટે મોકૂફ રાખવામાં આવેલ છે. આ મોકૂફ રાખવામાં આવેલ સમયમર્યાદાને પુખ્ત વિચારણાને અંતે વધુ એક વર્ષ માટે મોકૂફ રાખવાનું ઠરાવવામાં આવે છે.

2. આ મોકૂફીના સમયગાળા દરમ્યાન વયનિવૃત્તિના કારણે નિવૃત્ત થતા કર્મચારીઓને રજાપ્રવાસરાહત/વતનપ્રવાસરાહત મળવાપાત્ર થશે. પરંતુ સંબંધિત કર્મચારીએ ચાલુ બ્લૉકમાં આ સવલત ભોગવેલ ન હોવી જોઈએ.

3. આ હુકમો વતન/રજાપ્રવાસરાહતની સવલત મેળવતા હોય તેવા તમામ કર્મચારીઓ જેવા કે રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, યુનિવર્સિટીઓ/કૉલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, રાજ્ય સરકારના તમામ બોર્ડ કૉર્પોરેશનના કર્મચારીઓને તેમ જ સરકારી અનુમોદન મેળવી તમામ સંસ્થાઓના કર્મચારીઓને વગેરેને લાગુ પડશે.

4. આ હુકમો, રાજ્ય સરકારના પ્રવર્તમાન હુકમો અનુસાર આ રાહત મળવાપાત્ર છે એવા રાજ્યના કર્મચારીઓ રાજ્ય સરકારમાંથી અન્ય રાજ્ય સરકાર/સંસ્થામાં પ્રતિનિયુક્તિ પર હોય તેવા તમામ કર્મચારીઓને પણ લાગુ પડશે.

5. સચિવાલયના વહીવટી વિભાગોએ તાત્કાલિક આ હુકમો સંબંધિત અધિકારી/કર્મચારી/બોર્ડ/કૉર્પોરેશન સંબંધિત સંસ્થાઓના ધ્યાને મૂકવાના રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એચ. ડી. સેઈલર
ઉપસચિવ, નાણાં વિભાગ